CENTRE FOR BANKING RESEARCH, DEVELOPMENT & EXCELLENCE
CBRDE

GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION
Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

PROUDLY CO-OPERATIVE®

## પ્રેસ નોટ

## સહકારી ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થા નાફકબની ચુંટણીમાં ફરીથી ચેરમેન પદે જયોતીન્દ્રભાઈ મહેતા ચુંટાયા

તાજેત્તરમાં સહકારી ક્ષેત્રની ઉચ્ચ સંસ્થા નાફકબ(નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટીવ બેન્કસ એન્ડ ક્રેડીટ સોસાયટીઝ લી.,ન્યુદિલ્હી) ની ચુંટણી યોજાઈ હતી. તેમાં નાફકબના ચેરમેન તરીકે ફરી એકવાર વરિષ્ઠ રાષ્ટ્રીય સહકારી નેતા જયોતીન્દ્રભાઈ મહેતા સર્વાનુમતે ચુંટાયા હતા.

શ્રી જયોતીન્દ્ર મહેતા છેલ્લા ૧૩ વર્ષથી ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશનના ચેરમેન છે તથા સહકાર ભારતીના સંરક્ષક છે. ભુતકાળમાં રાજકોટ નાગરિક સહકારી બેન્કના ચેરમેન પણ રહી ચુકયા અને હાલ ડાયરેકર તરીકે સેવાઓ આપી રહ્યા છે. અંબ્રેલા આર્ગેનાઈઝેશનની આર.બી.આઈ નિયુકત શ્રી વી. એસ. દાસ કમિટીના પણ તેઓ સભ્ય હતા અને અગાઉ ગુજરાત રાજયની સહકારી કાયદા સુધારણા સમિતિ(૧૯૯૫-૯૭) ના સભ્ય અને ચેરમેન તરીકે સેવાઓ આપી ચુકયા છે. આમ નાફકબના ચેરમેન તરીકે સનિષ્ઠ સહકારી કર્મવીરની પસંદગી થઈ છે.

નવનિર્વાચિન ચેરમેન જયોતીન્દ્રભાઈ મહેતાએ પ્રથમ ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, સહકારી રાષ્ટ્રીય ફેડરેશનમાં અંબ્રેલા આર્ગેનાઈઝેશનની રચના દ્વારા સુરક્ષા કવચ પુરૂં પાડવામાં આવશે. સાથે સહકારી બેન્કોને ખાનગીકરણથી સુરક્ષિત રાખવા યોગ્ય કદમ હાથ ધરાશે.

નાફકબમાં રાજયોના ફેડરેશનની ૯ અને ધિરાણ સહકારી મંડળીઓની ૨ બેઠક બિનહરીફ વિજેતા થઈ હતી. જયારે અર્બન કો-ઓપરેટીવ બેન્કસની ૭ બેઠક માટે મતદાન હાથ ધરાયેલ હતું. દિલ્હી ખાતે એનસીયુઆઈ હેડકવાર્ટર ખાતે ભારે રસાકસી ભર્યા માહોલમાં યોજાયેલ આ ચુંટણીમાં દેશભરમાંથી બેન્કોના ચેરમેન અને અન્ય સહકારી નેતાઓ માટી સંખ્યામાં ઉમટી પડયા હતા અને જંગી મતદાન થયું હતું. ચુંટણીના પરિણામોમાં મહેતા પેનલના ૭ ઉમેદવારો વિજેતા થયા હતા. જેમાં એ. એમ. હિન્ડસગેરી, દત્તારામ ચાલકે, ગૌતમભાઈ વ્યાસ-ગુજરાત, જીની રામામૂર્તિ, જગદીશચંદ્ર આચાર્ય, કે. કાળપ્પા અને સંજય ભેંડેનો સમાવેશ થાય છે. આ ચુંટણીમાં જયોતીન્દ્રભાઈ મહેતાની સાર્વત્રિક અપીલ અને તેમની ટીમની અથાગ જહેમત દ્વારા મહેતા પેનલને મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી.

નાફકબના ચેરમેન તરીકે જયોતીન્દ્રભાઈ મહેતા પાંચ વર્ષ સુધી કાર્યભાર સંભાળશે. વાઈસ ચેરમેન તરીકે કે. કે. શર્મા(પંજાબ) અને વિધ્યાધર અનાસ્કર(મહારાષ્ટ્ર) કાર્યભાર સંભાળશે.

મહેતા પેનલના ૭ ઉમેદવારો અને મુકુંદ અભ્યંકર પેનલના ૭ ઉમેદવારો માટે આ ચુંટણીમાં મતદાન કરવાનું હતું. કુલ ૩૮૯ મતદારોમાંથી ૩૫૫ મતદારોએ મતદાન કર્યું હતું. ચુંટણીની તમામ પ્રક્રિયા રિટર્નિંગ ઓફિસર ઓમ પ્રકાશજી દ્વારા કરાયેલ હતી.

---

માનનીય તંત્રીશ્રી,
ઉપરોકત યાદી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ,

આપનો વિશ્વાસુ

જે. વી. શાહ

(જે. વી. શાહ)
ચીફ એકઝીકયુટીવ ઓફીસર

d:\૨૦૦૪-૦૫\word\gujarati\press note.doc-૭૬